* S B - 0 4 2 1 / 3 0 0 *

# SB-0421

## Second Year B.Com. Examination

**March / April – 2011**

## Taxation : Paper - III

***(Income-Tax Procedure & Practice - Part I)***

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :

☛ **S. Y. B. Com.**

Name of the Subject :

☛ **Taxation : Paper - 3**

☛Subject Code No. : **0 4 2 1** ☛Section No. (1, 2,.....) : **Nil**

Seat No. :

Student's Signature

(૨) તમારા જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જોઈએ.

(૩) જમણી બાજુનાં અંક પ્રશ્નનાં પૂરા ગુણ દર્શાવે છે.

૧ ટૂંકમાં જવાબ આપો : **૧૦**

(૧) ઘરભાડા ભથ્થાની જોગવાઈ વિશે જણાવો.

(૨) લાંબાગાળાનો નવો મૂડીનફો એટલે શું ?

(૩) ખામીયુક્ત રીટર્ન કોને કહેવાય ?

(૪) વ્યક્તિની કઈ-કઈ આવકો ઉપર આવકવેરો ભરવો પડે ?

(૫) આવકવેરા રીટર્નમાં કોણ સહી કરી શકે ?

૨ કલમ-80 હેઠળ આવકમાંથી બાદ મળતી કપાતો ગમે તે **ચાર** વિશે વિસ્તારપૂર્વક લખો. **૧૨**

**અથવા**

ધંધા વ્યવસાયની આવકમાંથી બાદ મળતા ખર્ચા વિશે લખો.

૩ પગારના મથાળા હેઠળ કરમુક્ત આવકો ગમે તે **છ** વિસ્તારપૂર્વક લખો. **૧૨**

**અથવા**

ઈન્કમટેક્ષ-ઓથોરિટિઝ (આવકવેરાના સત્તાવાળાઓ) વિશે વિસ્તારપૂર્વક લખો. **૧૨**

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે ત્રણ) ૧૨

(૧) મૂડીનફા સંબંધી કલમ 54 તથા 54EC

(૨) ગ્રેજ્યુઇટીની જોગવાઈ

(૩) પાછલું વર્ષ તથા આકારણી વર્ષ

(૪) વાર્ષિક મૂલ્યમાંથી મજરે મળતી કપાતો

(૫) અન્ય સાધનોની આવક

(૬) કાયમી ખાતા નંબર (PAN)

૫ નીચેનામાંથી ગમે તે **ત્રણ** પ્રશ્નોના જવાબ લખો : ૧૨

(૧) નીચે આપેલ માહિતીને આધારે કરદાતાઓના ગ્રોસ પગારની ગણતરી કરો. આ. વર્ષ ૨૦૧૦-૧૧ માટે

| **આવકની વિગત** | **કરદાતા अ** | **કરદાતા ब** |
|---|---|---|
| મૂળ પગાર | ૭૨,૦૦૦ | ૧,૫૬,૦૦૦ |
| મોંઘવારી ભથ્થુ | ૧૨,૦૦૦ | ૨૬,૪૦૦ |
| બોનસ | ૧૨,૦૦૦ | ૨૪,૦૦૦ |
| ઘરભાડા ભથ્થું | ૯,૬૦૦ | ૩૦,૦૦૦ |
| ખરેખર ચૂકવેલ ભાડું | ૧૮,૦૦૦ | ૪૩,૨૦૦ |
| નોકરીનું સ્થળ | કલકત્તા | મુંબઈ |

**નોંધ:** શ્રી **ब**નો પ્રો. ફંડમાં ફાળો મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું ઉમેરીને ગણાય છે.

(૨) શ્રી પંડિત ભારતીય નાગરિક અને સામાન્ય રહીશ છે. તેમણે તા. ૧૫-૧૧-૨૦૦૯ના રોજ તેમની અંગત માલિકીનું ઝવેરાત રૂ. ૩૨,૨૪,૦૦૦માં વેચેલ છે અને તે અંગે રૂ. ૪૦,૦૦૦ના વેલ્યુએશન વિગેરેના ખર્ચા કર્યા છે. આ ઝવેરાતની ૧૯૬૮-૬૯માં ખરીદ કિંમત રૂ. ૨,૫૦,૦૦૦ હતી, પરંતુ તા. ૧-૪-૮૧ના રોજ તેની વાજબી બજાર કિંમત રૂ. ૪,૦૦,૦૦૦ હતી. શ્રી પંડિતે તા. ૧૦-૨-૧૦ના રોજ Rural Electrification Corporation Ltd.ના ૩ વર્ષીય બોન્ડમાં રૂ. ૫,૦૦,૦૦૦નું રોકાણ કર્યું હોય તો આ.વ. ૨૦૧૦-૧૧ માટે મૂડીનફાની કરપાત્રતા નક્કી કરો.

વર્ષ ૧૯૮૧-૮૨ અને ૨૦૦૯-૨૦૧૦ના સૂચકઆંક અનુક્રમે ૧૦૦ અને ૬૩૨ છે.

(૩) શ્રીમતી પટેલની આવકની નીચે આપેલી વિગત પરથી આકારણી વર્ષ ૨૦૧૦-૧૧ માટે તેમની અન્ય સાધનોની કરપાત્ર આવકની ગણતરી કરો.

(૧) अ લિમિટેડના ડિબેંચર પર મળેલ વ્યાજ રૂ. ૧૬,૦૦૦

(૨) ब લિમિટેડના નોંધાયેલ ડિબેંચર પર મળેલ વ્યાજ રૂ. ૩૫,૮૮૦ (T.D.S.નો દર ૧૦.૩૦%નો છે.)

(૩) રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના રૂ. ૧,૦૦,૦૦૦ના ૮% ના કરમુક્ત રિલીફ બોન્ડ્ઝ પર મળેલ વ્યાજ રૂ. ૮,૦૦૦.

(૪) IDBIના રૂ. ૨,૦૦,૦૦૦ના ૮% ના બોન્ડ્ઝ પર મળેલ વ્યાજ રૂ. ૧૪,૩૫૨ (T.D.S.નો દર ૧૦.૩૦નો છે)

(૫) क લિમિટેડના ઈક્વિટી શેરો પર મળેલ ડિવિડન્ડ રૂ. ૨,૦૦૦. આ ઉપરાંત બેંક વ્યાજની ગ્રોસ આવક રૂ. ૧૨,૨૦૦ હતી. પાછલા વર્ષ દરમિયાન તેમણે લીધેલી લોન (ब લિમિટેડના ડિબેંચરમાં રોકાણ કરવા માટે) પર રૂ. ૧,૯૦૦નું વ્યાજ ચૂકવ્યું હતું.

(૪) શ્રી મહંમદભાઈ જેઓ પાકિસ્તાનના નાગરિક છે. તેઓ છેલ્લા ૧૪ વર્ષથી દર વર્ષે ત્રણ માસ માટે ભારતમાં આવે છે. જો તેઓ નિયમિત રીતે સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બરમાં આવતા હોય તો તેમનો આકારણી વર્ષ ૨૦૧૦-૧૧ માટે રહેઠાણનો દરજ્જો ગણતરી કરીને દર્શાવો.
જો તેઓ ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બરમાં નિયમિત રીતે ભારતમાં આવતા હોય તો તેમના રહેઠાણના દરજ્જામાં કોઈ ફેર પડશે ?

૬ (અ) નીચેની વિગતો પરથી ફોર્મ 49A ભરો : ૬

નામ : રશ્મિબેન અશોકભાઈ ભટ્ટ
ધંધાનું નામ : ગાયત્રી પ્રોવિઝન સ્ટોર
ધંધાનું સરનામું : ૧૦૧૧, શ્રી નાથજી કોમ્પ્લેક્ષ, દેસાઈ સ્ટ્રીટ, વલસાડ.
રહેઠાણનું સરનામું : ૧૧૦, શ્રી રવિ કોમ્પ્લેક્ષ, ચાર રસ્તા, વલસાડ.
પિતાનું નામ : અશોકભાઈ રસિકલાલ ભટ્ટ
જન્મ તા. : ૨૯-૧-૭૧
ધંધો શરૂ કર્યા તા. ૧-૬-૨૦૧૦
ટેલિફોન નંબર : ૨૩૭૩૭૪૨

(બ) નીચેની વિગતો પરથી ફોર્મ નંબર-16 ભરો. ૬

| | રૂ. |
|---|---|
| (૧) ગ્રોસ પગાર | ૬,૦૦,૦૦૦ |
| (૨) વ્યવસાય વેરો | ૨,૪૦૦ |
| (૩) બેંક વ્યાજ | ૨૦,૦૦૦ |
| (૪) મેડીક્લેઈમ વીમા પ્રીમિયમ | ૭,૦૦૦ |
| (૫) પ્રો. ફંડમાં રોકાણ | ૭૦,૦૦૦ |
| (૬) હાઉસિંગ લોન હપતા | ૧૦,૦૦૦ |
| (૭) જીવન વીમા પ્રીમિયમ | ૫,૦૦૦ |
| (૮) ટેક્ષની કપાત | ૩૦,૦૦૦ |

શ્રી રમેશચંદ્ર છગનલાલ દેસાઈ, સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, પારડીમાં સીનિયર ક્લાર્ક તરીકે નોકરી કરે છે. આકારણી વર્ષ ૨૦૧૦-૧૧ માટે પગારની કરપાત્ર આવક નક્કી કરી, ફોર્મ નંબર-16 ભરો.

અન્ય વિગત :

(૧) PAN No. ADXPT-4216-M (શ્રી રમેશચંદ્ર)

(૨) TDS No. DXTRA-3023-B (સ્ટેટ બેંક)

(૩) PAN No. RSPTO-4020-C (સ્ટેટ બેંક)

અથવા

નીચેની વિગતો પરથી આ.વર્ષ ૨૦૧૦-૧૧ માટે ITR-1 તૈયાર કરો. ૧૨

(૧) નામ : અરવિંદભાઈ કાલીદાસ પટેલ

(૨) નોકરીનું સ્થળ : સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, વલસાડ

(૩) રહેઠાણનું સરનામું : પીર મહોલ્લો, વલસાડ

(૪) પિતાનું નામ : કાલીદાસ ભાણાભાઈ પટેલ

(૫) જન્મ તારીખ : ૧૬-૬-૧૯૭૭

(૬) અરવિંદભાઈનો પાન નંબર : ABCDE-2200-M

(૭) સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાનો પાન નંબર : EFGHI-2300-S

(૮) સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાનો TDS નંબર : SRPQE-2111-S

આવકની ગણતરી

| | | રૂ. | રૂ. |
|---|---|---|---|
| (૧) ગ્રોસ પગાર | | ૪,૧૦,૦૦૦ | |
| બાદ : વ્યવસાય વેરો | | ૨,૪૦૦ | |
| | | ૪,૦૭,૬૦૦ | |
| બાદ : હાઉસિંગ લોન વ્યાજ | | ૮,૫૬૦ | ૩,૯૯,૦૪૦ |
| (૨) બેંક તથા પોસ્ટ વ્યાજની આવક | | | ૧૩,૨૬૦ |
| કુલ આવક | | | ૪,૧૨,૩૦૦ |
| બાદ : કપાતો | | | |
| (૧) કલમ 80C મુજબ | | ૯૦,૦૦૦ | |
| (૨) કલમ 80D મુજબ | | ૧૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| કરપાત્ર આવક | | ૩,૧૨,૩૦૦ | |
| ભરવાપાત્ર વેરો | ૧૬,૪૬૦ | | |
| +એજ્યુકેશન સેસ ૩% | ૪૯૪ | | |
| | ૧૬,૯૫૪ | | ૧૬,૯૫૪ |
| બાદ : (૧) પગારમાંથી કાપેલ આવકવેરો | | ૧૩,૦૦૦ | |
| (૨) એડવાન્સ ટેક્ષ ભર્યો તા. ૩૧-૩-૧૦ | | ૪,૦૦૦ | ૧૭,૦૦૦ |
| રિફંડ મળવાપાત્ર | | | ૪૬ |

(૧) BSR Code No. 026 છે.

(૨) TRPની વિગત : ઓળખાણ નંબર-૧૩૦

અંબેલાલ નારણદાસ મોદી.